# ભારતીય જનતા પક્ષ

(કેન્દ્રીય કાર્યાલય)

11, અશોક રોડ, નવી દિલ્હી - 110001

# ભાજપના વરિષ્ઠ નેતા

# ડૉ મુરલી મનોહર જોશીનું પ્રેસ વક્તવ્ય

સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતિ સમિતિએ વર્ષ 2009માં પસાર કરેલો નિયંત્રણનો ઠરાવ અને અમેરિકાના નાણાં ખાતાએ જુલાઈ-2009માં બહાર પાડેલા જાહેરનામા પરથી એ સિદ્ધ થાય છે કે લશ્કર-એ-તોયબાના મુખ્ય સંયોજક આરીફ કાસમાનીએ સમજૌતા એક્સપ્રેસ બૉમ્બ ધડાકા માટે ભંડોળ પૂરું પાડ્યું હતું. તે વિસ્ફોટ માટેના માણસો અલ-કાએદાએ પૂરા પાડ્યા હતા. પાકિસ્તાનના ગૃહ પ્રધાન રહેમાન મલિકે જાન્યુઆરી-2010માં જણાવ્યું હતું કે તે ધડાકા માટે પાકિસ્તાની આતંકવાદીઓને ભાડે કરાયા હતા. વર્ષ 2008માં ડેવિડ કોલેમન હેડલીની ત્રીજી પત્ની ફૈઝા ઔતાલ્હા એ કરેલું કબુલાતનામું 2010ની સાલમાં બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે સમજૌતા બૉમ્બ ધડાકામાં હેડલીની સંડોવણી હતી અને તે નિર્દોષ રીતે તેમાં સંડોવાયો હતો. સિમી નેતાઓએ વર્ષ 2007માં માદક દ્રવ્યોની અસર હેઠળ એવું નિવેદન આપ્યું હતું કે તે હુમલામાં સંડોવાયેલા પાકિસ્તાનીઓને અમે ટેકો આપ્યો હતો. તે નિવેદન 2008માં બહાર પાડવામાં આવ્યું હતું.

સાર્વજનિક વેબસાઈટ પર આ માહિતી ઉપલબ્ધ છે, જે ધડાકામાં કરાચીના વેપારી આરીફ કાસમાની, લશ્કર-એ-તોયબા અને અલ-કાએદા ઉપરાંત ડેવિડ હેડલી, તેની ત્રીજી પત્ની ફૈઝા ઔતાલ્હા, ઈન્દોરના સિમી કાર્યકરોની સંડોવણી

પુરવાર કરે છે. પરંતુ એન.આઈ.એ.ની તપાસમાં તે માહિતી છુપાવવામાં આવી હતી.

સંયુક્ત રાષ્ટ્રસંઘની નિયંત્રણ સમિતિએ લાવેલા પુરાવા તટસ્થ અને આધારભૂત છે, જેમાં નીચે મુજબની માહિતી અપાઈ છેઃ

(અ) સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતિ સમિતિએ વર્ષ 2009માં પસાર કરેલો નિયંત્રણનો ઠરાવ અને અમેરિકાના નાણાં ખાતાએ જુલાઈ-2009માં બહાર પાડેલા જાહેરનામા પરથી એ સિદ્ધ થાય છે કે લશ્કર-એ-તોયબાના મુખ્ય સંયોજક આરીફ કાસમાનીએ સમજૌતા એક્સપ્રેસ બૉમ્બ ધડાકા માટે ભંડોળ પૂરું પાડ્યું હતું.(ફકરો-18)

(બ) પાકિસ્તાનના ગૃહ પ્રધાન રહેમાન મલિકે જાન્યુઆરી-2010માં જણાવ્યું હતું કે તે ધડાકા માટે પાકિસ્તાની આતંકવાદીઓને ભાડે કરાયા હતા.(ફકરો-20)

(ક) ડેવિડ કોલેમન હેડલીની ત્રીજી પત્ની ફૈઝા ઔતાલ્હા એ કરેલા કબુલાતનામામાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે સમજૌતા બૉમ્બ ધડાકામાં હેડલીની સંડોવણી હતી(ફકરા 21-26)

(ડ) સિમી નેતાઓએ વર્ષ 2007માં માદક દ્રવ્યોની અસર હેઠળ એવું નિવેદન આપ્યું હતું કે તે હુમલામાં સંડોવાયેલા પાકિસ્તાનીઓને અમે ટેકો આપ્યો હતો.(ફકરો-10)

ઉપરોક્ત બાબતો રાજકીય બદઈરાદાનો પર્દાફાશ કરે છે અને એન.આઈ.એ.ના તહોમતનામાને નિરર્થક ઠરાવે છે.

(ઓ.પી.કોહલી)
હેડક્વાર્ટર ઈન્ચાર્જ